## નં. ૧૨૨ દારૂ બનાવનારની ગતિ

જઈ નરકમાં નિકળ્યો, શેકયા અગ્નિ માંય
બૂમ બરાડા મારતા, તોય શેકાણા પાય.
ઝટકાના જોરથી, પરમાધામી હોય.
લઈ ખુચાડે પીઠમાં, તોડે હાડખાં સોય.

નરકાવાસમાં પરમાધામીઓ આવી એને અગ્નિમાં ફેંકી દે છે. અને પછી એની નળીઓ ખેંચી તોડે છે. પ્રતાડના, હણના, અને રીબવણીનો ત્યાં અન્ત નથી.

દારૂડીયો માણસ આ જગતમાં દુઃખ પામે છે, લોકો વડે તિરસ્કૃત થાય છે. રોગને પામે છે, કોઈ શુભ કામ કરતો નથી. હલકા માણસની સોબત કરે છે, અને ગ્લાનિને પામે છે. અરે એવું શું છે. કે જેને એ નથી માનતો ?

મદિરા પીનાર મનુષ્ય જાણે કે ભૂત પ્રેતથી ગ્રહણ કરાયો હોય તેમ અત્યંત નાચ્યા કરે છે, શોકાતુરની જેમ અત્યંત બૂમો પાડયા કરે છે. અને દાહ જ્વર પીડાથી પામ્યો હોય તેમ ભૂમિ પર લોટે છે.

સુભાષિતરત્નસંદોહ શ્લો, ૪૯૯

મદિરામાં ચકચૂર થયેલો માણસ હસે છે.નાચે છે. ગાય છે. કુદકા મારે છે. ભમે છે. દોડે છે. મૂર્છામાં પડે છે. શોક મગ્ન થાય છે. પછાડ ખાય છે. રોવે છે. ગળગળો થઈને બબ... કરે છે; અને ફૂંકો મારે છે (મતલબ કે ...વી ક્રિયાઓ કરે છે.) પૃથ્વી પર પડયો હોય ...ના મોઢામાં સુતરે છે. આવી અનેક વેદના ... છે.



## નં. ૧૨૩ દારૂ પીનાર

દારૂ તણા વ્યસની ઘણા, ફેશન ઘર-ઘર એજ.
નાના મોટા સહુ પીવે, નાશ થયું સહુ તેજ.
દારૂ જે દાનવ હતો, તે થયો પ્રીય પ્રાણ
વિષય લંપટ થઈ કોડીજણ, એની કીમત ધુળ પ્રમાણ.

દારૂ પીનાર પોતાનું સર્વસ્વ ગુમાવી બેસે છે અને ઉભય (બંને) ભવ બગાડે છે.

## દારૂડીયો લાલજી

એક ગામમાં લાલજી નામનો રજપુત રહે, તેને બાળપણથી દારૂ પીવાની આદત પડી એટલે દારૂ વગર ચાલે જ નહિ

લગ્ન થયાં, છતાં પૈસાનો તો તે દુશ્મન. એટલે ઘરમાં કાંઇ ન મળે. મેતી નામની એની પત્નિને પણ લાલજી દારૂ પીધા પછી માર પીટ કરે.

ઘરના વાસણ અને બૈરી પાસેનાં ઘરેણાં લાલજીએ સર્વ વેચી ખાધાં. હવે નોકરી એટલે પૈસા માટે આમ તેમ ફાંફાં મારે પણ કયાંય કોઈ રાખે નહિ દારૂડીયાનો કોણ વિશ્વાસ, કરે,

સગાવ્હાલામાં પણ પસા માટે ઝઘડા કરે, અને ગામમાં તો પગલે પગલે ઝગડા કરે. અન્તે જીવન ભર મહાકષ્ટ સહન કરી, રીબાઈ માંચામાં (ખાટ... પડયો ... કરેલા કર્મો ઉદય આવ્યા એટલે સડાઇ ...ખા... ઘણો ત્રાસ પામી મરીને અધોગતિએ ગ...

## નં. ૧૨૪ દારૂ પીનારની ગતિ

મરી નરકમાં નિપજ્યા; કરે પરમાધામી પાસે હાય.
પગ પકડી પછાડીયો, પરમાધામીએ નાખ્યો ખોળા માંય.
દારૂના ઠેકાણે આપીયાં; નાખ્યાં ખંજર મોઢા માંય.
મોઢે રકત(લોહી) આવીયાં, કોણુ ? છોડાવે ત્યાં તેની કાય,

ત્યાં નરકાવાસમાં પરમાધામી મોઢામાં ખંજર ઘાલી ત્રાસ આપે છે, અને મુખથી રકતની ધારા વહે છે,

વિવેકઃ સંયમો જ્ઞાનં, સત્યં શૌચં દયા ક્ષમા ।
મદ્યતઃ પ્રલીયન્તે સર્વં, તૃણ્યું વહ્નિકણાદિવ ॥

યોગશા, પ્ર. ૧૫૯ શ્લો. ૧૬

જેમ એક અગ્નિના કણિયાથી સર્વ ઘાસનો સમૂહ બળી જાય છે, તેમ મદિરા પાન કરવાથી વિવેક, સંયમ; જ્ઞાન, સત્ય, પવિત્રતા, દયા અને ક્ષમા એ સર્વ ગુણો લય-નાશ પામે છે.

શ્રુયતે કિલ સામ્બેનઃ મદ્યાદન્ધંભવિષ્ણુના
હતં વિષ્ણુકુલં સર્વં, પ્લોષિતા ચ પુરી પિતુઃ

ઉપદેશપ્રસાદ, સ્તમ્ભ ૮, વ્યા, ૧૧૫

એવું સંભળાય છે, કે મદિરાપાનથી મદાંધ બનેલા સાંબે સકલ વિષ્ણુકુલનો અને પોતાના પિતાની દ્વારકા નગરી બાળવાનું દ્વેપાયન ૠષીને મારપીટ કરવાથી નિમિત્ત બન્યો. દ્વેપાયન ૠષીએ મરતી વખતે એવુ નિયાણું કર્યું કે મારા ... ના ... ભવાંતરમાં હું દ્વારકા નગરીને બાળનારો થઉં

卐



## નં. ૧૨૫ પતિને ઝેર આપનારી

ઝેર દઈ પતિને મારીયો; વળી ઉપરથી બતાવી પ્રીત,
સાંચાં ખોટાં બહુવખી, તોડી માનવ જાતની રીત.
કૂડ કપટના આંકડા, ચઢશે જેની સંગ.
સ્વાર્થવશ થઈ આંકળી, ઘાત કર્યાં અસંગ.

જે સ્ત્રીયો સાંસારિક ક્ષણિક સુખ માટે પોતાના પતિને ઝેર દઈ મારી નાખે છે. તે પોતાના આત્માનું અધઃપતન કરે છે. જેમ રાજા પરદેશીને સૂર્યકાન્તા રાણીએ ઝેર આપી તે પતિ હત્યાની ભાગીદાર થઈ.

## વિશ્વાસઘાતી

નામ હતું ચપલા. તેવી જ ચપલ, મર્યાદા વગરની, પરપુરૂષ સાથે ગમન કરનારી. પોતાના પતિને વિશ્વાસ આપી સતીનો ઢોંગ કરનારી,

ચપલાએ એક અન્ય દ્રવિડ નામક પુરૂષ સાથે ભાગવાનો વિચાર કર્યો અને બન્ને જણુ જાવા તૈયાર થયાં, પણુ પતિને માર્યા વગર ભાગી ન શકાય માટે ચપલાએ પોતાના પતિને વિશ્વાસમાં લીધો

થોડા દિવસ પછી ચપલા પોતાના પતિસાથે વગડામાં ગઈ, ત્યાં ખેતીનું કામ કરતાં ચપલાએ બપોરના જમતી વખતે પોતાના પતિને દુધમાં વિષ ( ઝેર) ખવડાવી દીધું;

બિચારો પતિ થોડીવારમાં જ મરણુ પામ્યો, ત્યાંથી ચપલા અને એનો પ્રેમી દ્રવિડ બન્ને ભાગી... દ્રવિડ થોડા દિવસ તો ચપલાને ઠીક રાખી, ... ...પી કાઢી મુકી. અન્તે ચપલા રીબા... ...તિએ ગઈ,

... પતિને

## નં. ૧૨૬ ઝેર આપનારીની ગતિ

જઈ નરકમાં નિકળી, પડી પરમાધામી હાથ.
પછાડી ને પટકતાં, ઉપર ઘાલી બાથ.
વીંધી માર મારતાં, ભાલા તણી ભમાટ.
દુઃખ દઈને રીબાવતાં, પડી દુઃખની વાટ.

પરમાધામી એને પકડી ભાલો લઈ એના પેટમાં ઘાલી પેટ ચીરી નાંખે છે. ત્યાં ઝેર આપનાર નારીની ઘણી દુર્દશા થાય છે,

જે સ્ત્રી નિરંતર માયા-કપટને કરે છે. મનને સ્થિર રાખતી નથી-ચપલતા વાળી છે. કરેલા ઉપકારને માનતી નથી. અસત્ય વચન બોલે છે, કુળને મલિન કરે છે. કીર્તિરૂપી લતાનો નાશ કરે છે; તે સર્વ પ્રકારના આરંભનું કારણ છે, વિરતિના સુખના આનન્દનો નાશ કરનારી છે; અને જે અત્યંત નિંદનીય છે, તેથી ધર્મરૂપી ઉદ્યાન-બગીચાને ભાંગી નાખનારી સ્ત્રીને સારી બુદ્ધિવાળો પુરૂષ સેવતો જ નથી,

કામ-ભોગ ભોગવવાથી કદાપિ તે (કામ)-વિષયની તૃષ્ણાની શાંતિ થતી નથી. પરંતુ જેમ ઘી વિગેરે હોમનાં દ્રવ્યો હોમવાથી અગ્નિ વૃદ્ધિ પામે છે. તેમ (કામ)-વિષય ભોગવવાથી વિષયની તૃષ્ણા ઉલટી ફરી ફરીને વૃદ્ધિ જ પામે છે.

આ વિષયો ઘણા કાળ સુધી રહીને પણ અવશ્ય જતા રહેવાના જ છે. છતાં મનુષ્ય પોતે આ વિષયોને તજતો નથી. તો બન્ને પ્રકારના વિયોગમાં શો તફાવત છે? તે તફાવત ...વો ... વિષયો પોતે સ્વતંત્રપણાથી જતા રહે છે. તો ...ત પરિતાપ દુઃખ ઉપજાવે છે. અને જેઓ ...તેનો ત્યાગ કરે તો તે ત્યાગ તેને ... થાય છે;



## નં. ૧૨૭ મારામારી કરનાર

અશુભ રૌદ્ર પરિણામથી, ઘણા જીવ સંહાર,
વેર બાંધી ઉપના, ઝગડે નિત્ય અપાર.
શસ્ત્ર ઉઘાડા તોલીયા; એકબીજાને મારે માર.
જીવ હિંસા પાપે કરી, છેદે આરમ પાર.

વેરના લીધે પ્રાણિયો આપસ આપસમાં લડી મરે છે. અને ભવાંતરમાં પણ વેરાનુબન્ધ વેર ચાલ્યા કરે.

### દાદો દાદુરામ

ગામનો દાદો, દાદુરામ પ્રત્યેકની સાથે ખોટી તકરાર કરે અને બીજાઓને પજવે.

વિપક્ષમાં (સામા) યદિ કોઈ બળવાન હોય ત્યારે નાના મોટા યુદ્ધ જામી જાય. અને ત્યાં અશાન્તિનું વાતાવરણ ઉત્પન્ન થઈ જાય.

એક દિવસ રાત્રીના સમયમાં દાદા દાદુરામે પોતાના પાડોશી સાથે ઝગડો કર્યો તેથી ત્યાં તો યુદ્ધ જામી ગયું.

પાડોશીના પક્ષ વાળા પણ લાઠી લઈ આવ્યા અને બન્ને આપસ-આપસમાં લડવા લાગ્યા, અન્તે દાદા દાદુરામના માથામાં સામા પક્ષવાલા માણસોના ધારીયાં... ...નો માર પડ્યો અને માથું ફાટી ગયું તેથી મર... ...રામ નરકે ગયો,

## નં. ૧૨૮ મારામારી કરવાનું ફળ

એ ગતિ છે આકરી, એકજ ગતના જીવ.
એક બીજાને દેખીને, હણવા કરતા રીવ.
મારે-માંહેમાંહે એમને; ગણ્યા કરમના વેર,
ઝગડ્યા જીવ વેરે કરી; રહ્યાં હૃદયમાં ઝેર,

પરસ્પર વેરના લીધે આપસમાં લડયા કરે અને મારામારી કરી વિદ્રોહ ઉત્પન્ન કરે તેવા જીવો ત્યાં નરકાવાસમાં શસ્ત્રો વડે આપસમાં મહા ભયંકર યુદ્ધ પરસ્પર કરે છે; રીબાય છે. ઘણો ત્રાસ ભોગવે છે,

ક્ષમાવાન્ પુરૂષ જે કાર્ય કરે છે, તે કાર્ય ક્રોધને વશ થયેલો મનુષ્ય કરી શકતો નથી કેમકે કાર્યને સાધનારી જે બુદ્ધિ છે, તે ક્રોધવડે નાશ પામે છે.

સંસારરૂપી વનને બાળવામાં અગ્નિસમાન એવા ધર્મનો નાશ કરીને, ક્રોધ માણસનું જે નુકસાન કરે છે; તે નુકશાન રાજાઓ, કે કોપાયમાન થયેલા શત્રુઓ, કે સિંહો, કે મોટા હાથીઓ કે મોટા નાગો નથી કરતા; (આ બધાયના નુકસાન કરતાં પણ ક્રોધે કરેલું નુકસાન ચઢી જાય છે;)

હે પુત્ર! મનુષ્યોએ મહા કલેશથી ઉપાર્જન કરેલા મોટા યશ અને તપનો ક્રોધ એક ક્ષણમાં નાશ કરે છે. ...અગ્નિમાં ઉના થયેલા (પારાના) રસની જેમ, ...ની ...થી હણાએલાં એવાં મિત્રતા, યશ, ...વઉ (સદ્ભાગ્ય,) સારૂ ભાગ્ય, અભ્યાસ ...ે તમામ નાશ પામે છે.



પતિને ઝેર આપનાર અને મારામા...

આને

થઉં

(સહૃ

તમ



કરનાર અને લુંટનારની